## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૮/૦૮/૨૦૨૨ થી તા. ૦૩/૦૯/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૦/૨૦૨૨ તા.૨૮/૦૮/૨૦૨૨ :-**

તા. ૨૮/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે નં ૦૧ ઉપર એક બાળક એકલો આમતેમ ફરતો હોય અને તેના વાલીવારસો તેની આજુબાજુ દેખાતા ન હોય તેના વાલીવારસો વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે, હું મારા વતનથી મામા સાથે સુરત ભણવા આવેલ હતો અને માતાપિતાની યાદ આવતા તેના મામાના ઘરેથી જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતો હોય જેથી ચાઇલ્ડ લાઇન સ્ટાફ ના યશપાલસિંહની મદદથી સદર બાળકને સુરત રે.પો.સ્ટે. લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મોહમદ સ/ઓ સનબીર જાતે શેખ ઉ.વ. ૧૪ ધંધો અભ્યાસ રહે ગામ ખાતાટોલી થાના રૌટા જીપુર્ણીયા રાજ્ય બિહાર વાળો હોવાનુ અને તે મદ્રેસામા તેઓના ધર્મનુ ભણતર કરવા સારૂ તા ૨૬/૦૮/૨૦૨૨ ના આવેલ અને તેના મામા બે દિવસ થી મદ્રેસાની તપાસ કરતા હોય અને બાળકને અચાનક માતાપિતાની યાદ આવતા તે વહેલી સવારે તેના મામાને જાણ કર્યા વગર નિકળી સુરત રેલ્વે સ્ટેશન પ્લે નં ચાર ઉપર આવી બેસેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના માતાપિતાનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓ જણાવેલ કે બાળકના મામા સુરતમાં રહેતા હોય તેનો સંપર્ક નંબર આપતા તે નંબર ઉપર સંપર્ક કરી જાણ કરતા બાળકના મામા નામે મો. તનવીર આલમ સ/ઓ મોહમદ જાતે શેખ ઉ.વ. ૩૩ ધંધો-નોકરી રહે રૂમ નં ૦૧ સાહીલનગર કુલવાડી સુરત મુળ ગામ ખાતાટોલી પો.સ્ટ ધનપંતગંજ પંચાયત અસયાનિ બ્લોક બૈસા સુકર્ણે પુર્ણેયા રાજ્ય બિહાર વાળા સુરત રે.પો.સ્ટે.મા આવી જણાવેલ કે તેની બહેન ગરીબ છે અને તેની પાસે બાળકને ભણાવવાના પૈસા ન હોવાથી તેની બહેને તેના દિકરાને મામા સાથે સુરત મોકલી આપેલ હતો જે બાબતે સદર બાળકના માતાપિતાસાથે વીડીયો કોલીંગી કરી વાતચીત કરી સદર બાળકના મામાના યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેના મામાને સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરેલ.

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૩/૨૦૨૨ તા.૩૦/૦૮/૨૦૨૨ :-**

તા. ૩૦/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે નં ૦૧ ઉપર એક બાળકી એકલી બેસેલ જોવામા આવતા બાળકીને ક્યા જવાનુ છે અને તેના વાલીવરસો કયાં છે તેમ પુછતા તેને જણાવેલ કે મારે વડોદરા જવાનુ છે જેથી તેને તેના માતાપિતાના મો.નં. વિશે પુછપરછ કરી સંપર્ક નંબર મેળવી સંપર્ક કરી જાણ કરતા સદર બાળકીની માતા શોભા વા/ઓ રામગ્યા ઉર્ફે રામજી જાતે ભારદ્વાજ ઉ.વ. ૨૪ ધંધો મજુરી રહે ખોડીયાર નગર ભટાર ચાર રસ્તા શ્રીરામ માર્બલ સુરત મુળ ગામ કાલાબન પોસ્ટ ગૌરી બહાર કલાબન જી દેવરીયા ઉત્તરપ્રદેશ વાળા સાથે વાતચીત કરતા તેઓએ જણાવેલ કે આજરોજ સવાર તેઓની દિકરી મોબાઇલ ઉપર ટીકટોક વિડીયો જોતી હોય અને તેને જણાવેલ કે તેના પપ્પાને ટીફીન બનાવી આપ પછી તુ નોકરી ઉપર જઇને મોબાઇલ જોયા કરજે જેથી તેઓ સાભંળતી ન હોવાથી તેને માર મારતા તેને લાગી આવતા તે સવારના નોંકરી જવાનુ કહી ઘરેથી નીકળી ગયેલ હોવાનુ જણાવેલ અને તેઓ છોકરીને લેવા સુરત રે.પો.સ્ટે. આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીનો કબજો તેના માતાને રૂબરૂ સુપ્રુત કરવામાં આવેલ છે જે બાબતે સ્ટે. ડા માં નોધ કરવામાં આવેલ.

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૬/૨૦૨૨ તા.૩૦/૦૮/૨૦૨૨ :-**

તા.૩૦/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ તથા ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે રીયા પટેલ તથા અસ્મીતા નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે નં ૦૪ ઉપર એક બાળક ઘણીવાર સુધી એકલો બેસેલ હોઇ જેથી તેના વાલીવારસો વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે તેની માતા તેને મુકીને કયાંક જતી રહેલ છે તેના પિતા નેપાળ માં રહે છે તે નાનપણથી આમતેમ રખડતો હોય જેથી તેને સુરત

રે.પો.સ્ટે.મા લાવી નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ નવીન સ/ઓ મુકેશ જાતે થાપા ઉ. વ. ૧૭ ધંધો મજુરી રહે કાંઠમાડું દઇલેક રાજ્ય નેપાળ હાલ હરીનગર વડોદરા વાળો આજરોજ સવારના કોઇ પણ ટ્રેનમાં બેસી સુરત...



...આવતો રહેલ હોવાનુ જણાવતા તેના વાલીવરસોનો સંપર્ક નંબર માગતા તેની પાસે ન હોવાનુ જણાવેલ અને સદર બાળક સાચી હકીકત જણાવતો ન હોય જેથી તેના વાલીવારસો મળી ન આવે ત્યા સુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૫/૨૦૨૨ તા.૦૧/૦૯/૨૦૨૨ :-**

તા. ૦૧/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે સુરત રેલ્વે સ્ટેશન પ્લે ૨/૩ ઉપર એક છોકરી એકલી ઘણી વખત સુધી બેસેલ હોય અને તેની સાથે તેના વાલીવારસો કયા છે તેમ પુછતા તેને જણાવેલ કે તે ઘરેથી ભાગીને આવેલ છે અને સુરતમા રહેતા છોકરા સાથે પ્રેમ સબંધ હોવાના કારણે તેને મળવા આવેલ હતી પરતુ તેનો મો.ફોન સ્વીચ ઓફ આવે છે જેથી સદર છોકરીને સુરત રે.પો.સ્ટે.મા લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ફરીદાખાતુન ડો/ઓ અરબાઝ ખાન જાતે ખાન ઉ.વ. ૧૮ ધંધો ઘરકામ રહે ગોંડા દુમારૈયાગંજ થાણા ભાનપુર જી બસ્તી રાજ્ય ઉત્તરપ્રદેશ હાલ ભીલાડ સરીગામ ફાનસા રોડ જી.વલસાડ ગુજરાત વાળી અને તેના માતાપિતા મરણ ગયેલ છે તે તેના ભાઇ ભાભી સાથે ભીલાડમાં રહે છે તેને છોકરા સાથે પ્રેમ થઇ જતા તેની સાથે ફોન ઉપર વાતચીત કરતી હોય જેથી તેના ભાઇએ જણાવેલ કે કોની સાથે વાતચીત કરે છે જેથી તેઓએ જણાવેલ કે છોકરા સાથે પ્રેમ સંબધ હોવાથી હુ તેની સાથે વાતચીત કરૂ છુ જેથી તેના ભાઇએ તેની સાથે ઝગડો થતા અને તેનો ભાઇ નોકરી ઉપર જતા રહેલ ત્યાર બાદ તે ઘરેથી નીકળી આવેલ હોવાનુ જણાવતી હોય જેથી તેની પાસેથી તેના ભાઇનો સંપર્ક નંબર પુછતા તે જણાવતી ન હોય જેથી ભીલાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા તેઓએ સરીગામ પોલીસ સ્ટેશનના પો.કોં. હસમુખભાઇનો મો નં આપતા સદર મોબાઇલ ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે આશાવર્કર (સમાજસેવીકા) સિમરન બેન નાઓનો મો નં ૮૭૫૮૦૫૮૬૮૯ આપતા તેને સર્વ હકીકત જણાવતા તેઓએ સદર બાળકીના ભાઇ નામે નાઝીમ્ સ/ઓ અરબાઝ ખાન જાતે ખાન ઉ. વ. ૩૮ ધંધો નોકરી રહે મુળ ગોંડા બસ્તી દુમારૈયા ગંજ થાણા ભાનપુર રાજ્ય ઉત્તરપ્રદેશ હાલ રહે ભીલાડ સરીગામ ફાનસા રોડ જી વલસાડ ગુજરાત વાળાનો મો.નં. ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે તેના મતાપિતા મરણ ગયેલ છે અને ત્યારથી મારી બહેનની સારસંભાળ હું રાખુ છુ પરતુ તેના લગ્ન કરવાના હોવાથી હુ તેના માટે યોગ્ય છોકરો શીધીને તેના લગ્ન કરવાના છે પરતુ તે અવાર નવાર ઘરેથી નીકળી જાય છે તેમ જણાવી તે તેની બહેનને લેવા માટે સુરત રે.પો.સ્ટે.મા આવતા તેઓનુ નિવદેન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીનો કબ્જો તેના ભાઇને રૂબરુમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા મા નોધ કરવામાં આવેલ.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૩/૨૦૨૨ તા.૦૩/૦૯/૨૦૨૨ :-**

તા. ૦૩/૦૯/૨૦૨૨ ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે મહેમુદ વ્હોરા નાઓને મુસાફરખાના માથી એક બાળક મળી આવેલ જેને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓએ તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ લખન સ/ઓ સુરેશ જાતે દુબે ઉ.વ. ૧૭ ધંધો મજુરી રહે ગામ બંદી તા બોસરીયા જી. કટની મધ્યપ્રદેશ વાળો હોવાનુ અને તેના માતાપિતા નાન પણમા મરણ ગયેલ છે અને તેના મોટાભાઇ સાથે રહે છે અને તે મજુરી કામ અર્થે વાપી આવેલ હતો અને વાપીમાં કામધંધો ન મળતા તે સુરત આવેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના ભાઇ નામે ગુલશન કુમારનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તે તેના ભાઇને લેવા આવનાર હોય જેથી સદર બાળકના ભાઇ ન આવે ત્યાસુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવમાં આવેલ.

**(૬) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૭/૨૦૨૨ તા.૦૩/૦૯/૨૦૨૨ :-**

તા. ૦૩/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન પ્લે નં ૦૪ ઉપર હાજર હતા તે વખતે મુંબઇ તરફના છેડા પાસે એક બાળક એકલો જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તે તેના ઘરે નંદુરબાર જવા સારૂ સુરત રેલ્વે સ્ટેશન આવેલ છે જેથી તેના માતાપિતાના

મોબાઇલ નંબર પુછતા તેને જણાવેલ કે તેઓ નંદુરબાર રહે છે અને તેની મમ્મીને મોબાઇલ ઉપર વાતચીત કરતા આવડતી ન હોય જેથી તેની પાસે મોબાઇલ નથી તેમ કહી રડવા લાગતા તેને વિશ્વાસમાં લઇ પ્લે નં ૦૧ ની...



...પોલીસ ચોકી ઉપર લાવી પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના પિતાનુ અવસાન થયેલ છે અને તેની માતાએ બીજા લગ્ન કરી તેઓ બીજી જગ્યાએ રહે છે અને તે ભાઇ-બહેન નાના-નાની પાસે રહે છે અને તેને ગમતુ ન હોવાથી તે ઘરેથી કોઇને જાણ કર્યા વગર નીકળી આવેલ હોવાનુ જણાવતા તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સાહીલ સ/ઓ કલીમ જાતે કુરેશી ઉ.વ. ૧૨ ધંધો અભ્યાસ રહે નુરાની મસ્જીદ આઝાદ ચોક લીમ્બાયત સુરત વાળો હોવાનુ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન તથા વુ.પો.કો. સફીરાબેન મહેંદ્રભાઇ નાઓ તેના જણાવેલ સરનામે રૂબરૂમા જઇ સદર બાળકના મોટાભાઇ તથા તેની બહેન નામે આફીન વા/ઓ અબીબ જાતે કુરેશી રહે મદીના મસ્જીદ લિમ્બાયત સુરત વાળી હાજર મળી આવતા તેઓના યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેની બહેન તથા ભાઇને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ.

**(૭) સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨૨૦૯૩૬/૨૨ NDPS Act, કલમ-૮(સી), ૨૦(બી-ii( મુજબ તા. 03/0૯/૨૦૨૨ :-**

સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૯૩૬/૨૨ NDPS Act, કલમ. ૮(સી), ૨૦ (બી-ii( મુજબના ગુનામાં તા.03/0૯/૨૨ ના કલાક ૦૨/૦૫ વાગે ગંગાધરા રે.સ્ટે. પસાર થયા બાદ ટ્રેન નં. ૧૨૮૪૩ પુરી અમદાવાદ એક્સ ટ્રેનના આગળના ભાગે બે જનરલ કોચના કોરીડોર વચ્ચે રનીંગ ટ્રેનમાં કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે ૦૪.૦૬૮ કીલોગ્રામ ગાંજો કિં.રૂા. ૪૦,૬૮૦/- બેગ કિં. રૂા. ૫૦/- પેકીંગ મટીરીયલ કિં.રૂા. ૦૦/- મળી કુલ કિં.રૂા. ૪૦,૭૩૦/- નો આયાત કરી પોલીસમા પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમા છોડી નાસી ગયેલ જે મળી આવતા ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા